# ડીસામાં ગંદકીની સમસ્યા યથાવત





ડીસા શહેરમાં જ્યાં નજર નાંખો ત્યાં ગંદકીનું સામ્રાજ્ય છે. ખુલ્લી ઉભરાતી ગટરો કારણે આસપાસના વિસ્તારોમાં એટલી હદે દુર્ગંધ મારે છે કે રહિશોને રહેવું પણ મુશ્કેલ બન્યું છે. શહેરીજનોએ પાલિકામાં અનેકવાર રજુઆતો કરી છે. છતાં પાલિકા પ્રમુખ અઢી વર્ષના શાસનમાં ગંદકીની સમસ્યાનો ઉકેલ લાવી શક્યા નથી. અને વિકાસની વાતો કરે છે તેવો સૂર શહેરીજનોમાં ઉઠવા પામ્યો છે. ડીસા શહેરમાં પાલિકાતંત્રનું સેનીટેશન વિભાગ રામભરોસે ચાલે છે. પાલિકાના જવાબદાર અધિકારી/કર્મચારી કોઈને ગાંઠતા નથી. જેના કારણોસર શહેરમાં ઠેરઠેર કચરો અને ગંદકીના ખાબોચિયા ભરાયા છે. ગમે ત્યાં કચરો ઠલવાય છે. ઉભરાતી ગટરોને કારણે માર્ગ પર પણ ગંદુ પાણી આવી જાય છે. ગંદકીને લીધે મચ્છરોનો ઉપદ્રવ વધતાં લોકોના આરોગ્ય સાથે પણ ખતરો ઉભો પામ્યો છે. ત્યારે પાલિકા પ્રમુખ અઢી વર્ષના શાસન દરમિયાન પ્રજાની ગંદકીની સમસ્યા ઉકેલવામાં સદંતર નિષ્ફળ નિવડ્યા છે. છતાં વિકાસની વાતો કરી રહ્યા છે અને ફરી પ્રમુખ બનવા માટે વિકાસના કામોની ગાથા રજુ કરી પોકળ ગાણા ગાયા હતા. પાલિકા પ્રમુખની વાતથી શહેરીજનોમાં પણ આશ્ચર્યમાં મુકાયા છે. પાલિકા પ્રમુખને શહેરવાસીઓ સારી રીતે ઓળખી ગયા છે તેવું શહેરમાં ચર્ચાસ્પદ બન્યું હતું. (તસવીર : કાંતિલાલ લોધા, ડીસા)

# ભિલોડા તાલુકાના ગ્રામ્યવિસ્તારોમાં પીવાના પાણીની ગંભીર સમસ્યા : પ્રજાજનો હેરાન-પરેશાન

ભિલોડા, તા. ૮

ભિલોડા અને શામળાજી પંથક સહિત અંતરીયાળ ડુંગરાળ ગ્રામ્યવિસ્તારોમાં પીવાના પાણીની ગંભીર સમસ્યા સર્જાતા પ્રજાજનો હેરાન-પરેશાન બન્યા છે. ભિલોડા તાલુકાના અંતરીયાળ ડુંગરાળ ગ્રામીણ વિસ્તારોમાં ઠેર-ઠેર પીવાના પાણીનો કકળાટ છે. પાણી પુરવઠા વિભાગના જવાબદાર અધિકારીઓ દ્વારા ઠેર-ઠેર બનાવેલ હેન્ડપંપો હાલના તબક્કો શોભાના ગાંઠીયા સમાન છે. હેન્ડપંપો બંધ હાલતમાં હોવાના કારણે પ્રજાજનો મુશ્કેલીમાં મુકાયા છે.

ગ્રામીણ વિસ્તારોમાં પીવાના પાણી માટે મહિલાઓ દુર-દુર સુધી ચાલી સીમાડાઓમાંથી શુદ્ધ પીવાનું પાણી બેડાઓમાં ભરી માથે મુકી લાવતી હોવાના કારણે ગ્રામીણ વિસ્તારની મહિલાઓની હાલત અત્યંત દયનીય છે. ગ્રામીણ વિસ્તારોમાં પાણીના તળ ઉંડા ઉતરતાં હેન્ડપંપો, રીંગબોરો, કુવાઓ, તળાવો, જળાશયોના તળીયા દેખાતા પીવાના પાણીની ગંભીર મુશ્કેલી સર્જાયેલ છે. ઉનાળાની સીઝનની અસહ્ય કાળઝાળ ગરમી દિન-પ્રતિદિન વધતાં જનજીવન અસ્તવ્યસ્ત બન્યું છે. અબોલા પશુ-પંખીની હાલત અસહ્ય કાળઝાળ ગરમીના કારણે અત્યંત ખરાબ છે. અંતરીયાળ ગ્રામીણ વિસ્તારોમાં હેન્ડપંપો ઠએર-ઠેર બંધ હાલતમાં હોવાના કારણે પ્રજાજનો પારાવાર મુશ્કેલીઓનો સામનો કરી રહ્યા છે.

સાબરકાંઠા જિલ્લાના ભિલોડા તાલુકાના ગ્રામીણ વિસ્તારોમાં તાત્કાલિક ધોરણે લાગતા-વલગતા તંત્રના અધિકારીઓ દ્વારા પીવાનું પાણી નહી આપવામાં આવે તો માનવો અને પશુઓની શું હાલત થશે તેની કલ્પના કરવી હવે મુશ્કેલ બની છે. અરે ! એટલું જ નહી પણ પીવાના પાણી માટેના હેન્ડપંપો પણ બંધ હાલતમાં છે ત્યારે ટેન્કરો દ્વારા પાણી પુરૂ પાડવા તાત્કાલિક ધોરણે આયોજન કરવું જરૂરી છે. ભિલોડા અને શામળાજી પંથકમાં પીવાના પાણીની સમસ્યાના લીધે રાજકીય આગેવાનો દ્વારા ઉગ્ર ધારદાર રજુઆતોનો દોર આરંભાયો છે.

સાબરકાંઠા જિલ્લાના ભિલોડા તાલુકાના ગ્રામીણ વિસ્તારોમાં તાત્કાલિક ધોરણે પીવાના પાણી અને અબોલા પશુઓ માટે ઘાસચારાના ડેપોની વ્યવસ્થા લાગતા વળગતા તંત્રના જવાબદાર અધિકારીઓ દ્વારા યોગ્ય અને ન્યાયિક રીતે ક્યારે કરવામાં આવશે?

# સાબરકાંઠા સિંચાઈ વિભાગ દ્વારા તળાવો અને ચેકડેમોના કામોમાં ગેરરીતિ

મોડાસા, તા. ૮

સાબરકાંઠા જિલ્લાના સ્ટેટ સિંચાઈ વિભાગ દ્વારા ચેકડેમો તેમજ તળાવો ઉંડા કરવાના કામોમાં નિતિનિયમોની ઐસી તૈસી કરી સરકારના નાણાની થતી ઉઘાડી લુંટ જેથી આ અંગે સત્વરે ઉચ્ચ સ્તરેથી નક્કર કાર્યવાહિ હાથ ધરવામાં આવે તેવી લાગણી પ્રજા દ્વારા વ્યક્ત કરવામાં આવી છે.

છેલ્લા કેટલાય સમયથી સાબરકાંઠા જિલ્લાના ખેડબ્રહ્મા તાલુકામાં થયેલ તેમજ થતા વિકાસના કામોમાં ભારે ગેરરીતિ વ્યાપકપણે ભ્રષ્ટાચાર ચર્ચાના એરણે છે. જેનું સાક્ષાત ઉદાહરણ તાલુકા વિકાસ અધિકારી (ખેડબ્રહ્મા) તેમજ તેમના બે સાગરિતો કે જેઓની એક કરોડની ઉચાપત બાબતે ધરપકડ તાજેતરમાં જ થયેલ તેમ છતાં પણ જાણે સરકારી બાબુઓને સરકારનો ખોફ સુદ્ધા નથી તે રીતનું વર્તન થઈ રહ્યું છે. ખેડબ્રહ્મા તાલુકામાં કરોડો રૂપિયાના ખર્ચે ચેકડેમો તથા તળાવો ઉંડા કરવાની કામગીરી થઈ રહી છે. જેમાં તળાવો ઉંડા કરવાની ૨૦૧૨ની કામગીરીને જોતાં ટેબડા ગામે ૯૦,૪૬૧, દેમતી ગામે ૨,૧૭,૧૯૬, ગઢડા શામળાજી ગામે ૨,૮૧,૮૦૮, રાધીવાડ ગામે ૨,૮૪,૬૬૨, પાદરડી ગામે ૧,૪૭,૬૦૩ એમ પાંચ તળાવોના કામોના લેવલીંગ અને ઊંડાઈની સ્થિતિને જોતા સ્પષ્ટ પણે ફલિત થાય છે કે સદર તળાવોના કામોમાં ભારે ગેરરિતી થયેલ છે. જેથી માત્ર પાંચ તળાવો પાછળ ૧૦,૨૧,૭૩૦ રૂપિયાનો થયેલ ખર્ચનો કામ માત્રની માત્ર કાગળ ઉપર જ થયેલ હોવાનું ફલિત થાય છે. વળી સદર વિભાગ દ્વારા કરોડો રૂપિયા ખર્ચે બનતા ચેકડેમો ઉપર એક નજર કરીએ તો કરોડો રૂપિયાના ખર્ચે નિર્માણ થયેલ. તેમજ નિર્માણાધિન થતા ચેકડેમોનું સ્થળ નિરિક્ષણ કરતા સ્પષ્ટ પણે ફલિત થાય છે કે ટેન્ડરની શરતો તેમજ નિતિનિયમો મુજબનું કામ અત્રે થતુ જ નથી. વળી કેટલાક ચેકડેમોનું કામ તો અધિકારીઓની ભ્રષ્ટ નિતિના કારણે મંજુરી વીના જ ચાલુ થઈ જતુ હોય છે. સમગ્ર પ્રકરણને ધ્યાને લઈ સત્વરે વિજીલેન્સની ટીમ દ્વારા સ્થળ તપાસ થાય તો જ કરોડો રૂપિયાના કાળા કૌભાંડોનો પર્દાફાશ થઈ શકે તેમ દેખાઈ રહ્યું છે.

# ખેડબ્રહ્મામાં સોનીની દુકાનમાં તસ્કરોનો હાથફેરો

## રૂ. ૪૫,૨૦૦ની કિંમતના ૭૦૦ગ્રામ ચાંદીના દાગીના લઈ પલાયન

ખેડબ્રહ્મા, તા. ૮

ખેડબ્રહ્મામાં શુક્રવારની રાત્રે સોનીની દુકાનનું તાળુ તોડી શટર ઉંચુ કરી દુકાનમાં પ્રવેશ કરી રૂ. ૪૫,૨૦૦ની કિંમતના ૭૦૦ ગ્રામ ચાંદીના દાગીનાની ચોરી કરી કોઈ ચોર ઈસમો પલાયન થઈ ગયા હતા. આ અંગે ખેડબ્રહ્મા પોલીસ સ્ટેશનમાં ફરીયાદ નોંધાવા પામી છે.

ખેડબ્રહ્મા પોલીસ સૂત્રોના જણાવ્યા અનુસાર શહેરના સિવિલ રોડ ઉપર આવેલી સોની દેવાંગકુમાર મહેન્દ્રભાઈની દુકાનનું શુક્રવારની રાત્રે તાળુ તોડી શટર ઉંચુ કરી કોઈ ચોર ઈસમોએ દુકાનમાં પ્રવેશ કર્યો હતો અને શો કેસમાં રાખેલા ગ્લાસ નંગ-૫, ટ્રે-૨, ભગવાનની મૂર્તિ ૫, નાગ-૫, છત્ર-૧, કંદોરો-૧ મળી ચાંદીની મત્તા આશરે ૭૦૦ ગ્રામ તથા પરચુરણ ગાભાના દાગીના નંગ-૧૫ મળી કુલ રૂ. ૪૫,૨૦૦ની ચોરી કરી પલાયન થઈ ગયા હતા.

આ અંગે સોની દેવાંગભાઈ મહેન્દ્રભાઈએ ખેડબ્રહ્મા પોલીસ સ્ટેશનમાં ફરીયાદ નોંધાવતા પોલીસે ઈપીકો કલમ ૪૫૭-૩૮૦ મુજબ ગુનો નોંદી વધુ તપાસ પી.એસ.આઈ. વીરલ પટેલ ચલાવી રહ્યા છે.



(તસવીર : હરેશ જોષી, પાલનપુર)

પાલનપુરમાં આવેલ ગુરુનાનકચોક ખાતે પાલનપુર શહેર કોંગ્રેસ સમિતિ દ્વારા કર્ણાટકમાં કોંગ્રેસની સ્પષ્ટ બહુમતિથી જીત થઈ છે તેની ખુશીમાં ફટાકડા ફોડીને ઉજવણી કરવામાં આવી હતી. આ પ્રસંગે ભાવેશ રાવલ, જગદીશ જોષી, સુરેશ પટેલ, સરફરાજ સિંધી, મુકેશ ચૌહાણ, નગર સેવક જીતુ ઠાકોર, રમેશ સોલંકી, ગુલશનબેન વખારીયા સહિત મોટી સંખ્યામાં શહેર કોંગ્રેસના કાર્યકર્તાઓ ઉપસ્થિત રહ્યા હતાં.





મહેસાણા જિલ્લાના માજી સાસંદ જીવાભાઈ પટેલે પોતાના જન્મદિનની અનોખી રીતે ઉજવણી કરી હતી. જેમાં તેમણે આનંદીબાનો વડલો માણસા ખાતે આવેલા વૃધ્ધાશ્રમમાં માણસા તાલુકા નિવૃત્ત કર્મચારી મંડળ તેમજ વૃદ્ધોના આર્શીવાદ મેળવી કેક કાપી ભવ્ય રીતે ઉજવણી કરવામાં આવી હતી. જેમાં પેન્શનરોનું સન્માન તેમજ વૃદ્ધોને જીવાભાઈ પટેલ દ્વારા ભોજન કરાવવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં તાલુકાના પેન્શનરો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતાં.

# ચાણકય સેવા ટ્રસ્ટ દ્વારા બ્રહ્મસમાજ જીવનસાથી સંમેલન

વડોદરા, તા. ૮

શ્રી ચાણક્ય સેવા ટ્રસ્ટ અને વડોદરા જિલ્લા સમસ્ત ગુજરાત બ્રહ્મસમાજના ઉપક્રમે વડોદરા ખાતે જીવનસાથી પસંદગી સંમેલન ૪૨મિં યોજાયું હતું. સંમેલનમાં આશરે ૫૦૦ જેટલા ઉમેદવારો અને ૧૫૦૦ જેટલા નિમંત્રીતો, વાલીઓ ઉપસ્થિત રહ્યા હતા. ભવનેશ્વરી પીઠ ગોંડલના આચાર્ય પ.પૂ. ઘનશ્યામદાસજી મહાજ, ચેહરમાતા સ્વરૂપ, પ.પૂ. દિનેશચંદ્ર મહારાજ, ગાયત્રી સાધક પ્રવીણભાઈ જોશી ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમનું ઉદ્‌ઘાટન વડોદરાના મેયર ડૉ. જયોતિબેન પંડ્યા દ્વારા શુભેચ્છા અને આશીર્વાદ કરાયા હતા. અતિથિ વિશેષ પદે ધારાસભ્ય રાજેન્દ્રભાઈ ત્રિવેદી હતા. બ્રહ્મસમાજના પ્રદેશકક્ષાના પ્રમુખ શૈલેષભાઈ જોશી બિરાજેલ હતા.

પ્રત્યેક ઉમેદવારની રંગીન તસ્વીર સાથેની પરિચય પુસ્તિકા સાથે સી.ડી. પણ અર્પણ કરાયેલ હતી. વેબસાઈટ પરથી વાલીઓને વિનામૂલ્યે લાભ મળશે. ઈશ્વરભાઈ દવે ૪૨મા સંમેલનના કેન્દ્ર સ્થાને રહેલ છે. વધુ માહિતી માટે ૯૩૭૬૨૩૩૮૧૧ પર સંપર્ક કરવો.

# ખેડબ્રહ્મા પાલિકાના સદસ્યની પાણીના પ્રશ્ને આમરણાંત ઉપવાસની ચીમકી

ખેડબ્રહ્મા, તા.૮

ખેડબ્રહ્મા નગરપાલિકાના વોર્ડ નંબર-૩માં પીવાનું પાણી પુરતું મળતું ન હોવા અને સ્પેશ્યલ પાઈપલાઈન નાંખવામાં ઓરમાયુ વર્તન રાખી પાણીની કૃત્રિમ અછત ઉભી કરવા અંગે વોર્ડમાં મહિલા સદસ્ય સહીત અન્ય રહીશોએ સ્પેશ્યલ પાઈપ લાઈનનું જોડાણ આગળ આપવા લેખિત રજુઆત થઈ હતી પણ તેનો કોઈ નિકાલ ન આવતાં મહિલા સદસ્યે આમરણાંત ઉપવાસ કરવાની ચીમકી ઉચ્ચારી છે જેથી સમગ્ર શહેરમાં ખળભળાટ મચી જવા પામ્યો છે.

ખેડબ્રહ્મા પાલિકા વિસ્તારમાં વોર્ડ નંબર ૨ અને ૩માં છ-સાત વર્ષ પહેલાં પાણીની ટાંકીથી હોળી ચકલા સુધી સ્પેશિયલ પાઈપ લાઈન નાંખવામાં આવી હતી. આ પાઈપ લાઈન હોળી ચકલા સુધી નાંખી બંધ કરી દેવામાં આવી હતી. આ અંગે વોર્ડ નંબર-૩ના મહિલા સદસ્ય જાગૃતિબેન નરેશકુમાર જોષી તથા વોર્ડના ૭૫ જેટલા રહીશોએ પાલિકામાં રજુઆત કરી પાણીની કૃત્રિમ અછત દૂર કરવા માગણી કરી હતી. આ સ્પેશિયલ લાઈન હોળી ચકલામાં બંધ કરી દેવાતા વોર્ડ નંબર ૩ના ઠાકરડા-વાલ્મિકી-હરીજન તથા અન્ય રહીશોને પાણી માટે વલખાં મારવાનો વારો આવ્યો છે. ૧૬ એપ્રિલના રોજ કરવામાં આવેલી રજુઆત અંગે ચીફ ઓફીસર દ્વારા કોઈ કાર્યવાહી ન કરાતાં વોર્ડ નંબર-૩ના સદસ્ય જાગૃતિબેન જોષીએ ૬ દિવસમાં આ પાણીનો પ્રશ્ન ઉકેલવામાં નહીં આવે તો ના ઉપાયે તા. ૧૩-૫-૧૩ના રોજ સવારે ૧૧-૦૦ વાગે પાલિકાના પટાંગણમાં આમરણાંત ઉપવાસ ઉપર બેસવની ચીમકી ઉચ્ચારી છે અને આ અંગે કલેકટર-નાયબ કલેકટર-નગરપાલિકા નિયામક તથા પોલીસ સબ ઈન્સ્પેકટરને જાણ કરી છે. પીવાના પાણીના પ્રશ્ને કોંગ્રેસના મહીલા સદસ્ય જાગૃતિબેન જોષીએ આમરણાંત ઉપવાસનું છેલ્લું શસ્ત્ર ઉગામતાં આ મુદ્દો શહેરમાં વિવિધ ચર્ચાની એરણે ચડયો છે.

# ડીસાના ગવાડી વિસ્તારમાં ઉલ્કાની અફવાનો અંત : ભૂસ્તર વિભાગની તપાસમાં ઈંટના ટુકડા હોવાનું ખુલ્યું

ડીસા, તા.૮

ડીસાના ગવાડી વિસ્તારમાં વહેલી સવારે ઉલ્કા પડેલ હોવાની એક સ્થાનિકે અફવા ફેલાવી હતી જે અફવાને લીધે સમગ્ર વિસ્તારમાં અફડા તફડી અને ભયનો માહોલ ફેલાયો હતો અને ગવાડી વિસ્તારની આ ઘટના ગણતરીના કલાકોમાં રાષ્ટ્રીય કક્ષાએ ફેલાઈ જતા સનસનાટી મચી જવા પામી હતી. જે બાદ નાયબ કલેકટર ડીસા અને જિલ્લા ભૂસ્તર શાસ્ત્રીએ તપાસ હાથ ધરતા મળી આવેલ આ ટૂકડા જૂની જે બાદ આ મામલે ચોકકસ તપાસ હેતુ જિલ્લા ભૂસ્તર વિજ્ઞાનના વડા ભૂસ્તર શાસ્ત્રી યુ.કે. સિંહ તેમની ટીમ



(તસવીર : કાન્તિલાલ લોધા)

ઈંટના હોવાનું પુરવાર થયું હતું જેથી તંત્ર અને લોકોએ હાશકારો અનુભવ્યો હતો.

પ્રાપ્ત માહિતી અનુસાર ડીસાના ગવાડી વિસ્તારમાં પોતાના ઘરમાં વહેલી સવારે ઉલ્કા પડેલ હોવાનું અને ભારે પ્રકાશ ફેલાયો હોવાનુ એક સ્થાનિકે જાહેર કરતા આ ઘટના વાયુવેગે સમગ્ર ડીસા શહેરમાં ફેલાઈ હતી. જે બાદ સ્થાનિક પોલીસ તેમજ ડીસાના મામલતદાર અને તેમની ટીમ તેમજ નાયબ કલેકટર બી.કે. પટેલની ટીમે આ મામલે તપાસ હાથ ધરી હતી. સાથે ઘટના સ્થળે પહોંચ્યા હતા. જેઓએ તપાસ કરતા મળી આવેલા ટુકડા ઉલ્કાના નહીં પણ ઈંટના હોવાનું બહાર આવ્યું હતું અને આ અફવા ઉન્માદમાં ફેલાઈ હોવાનું બહાર આવતા લોકો અને તંત્રે રાહતનો શ્વાસ લીધો હતો. જો કે સવારથી સમગ્ર શહેરમાં વહેતી થયેલ આ અફવારૂપ ઘટનાથી વહીવટીતંત્રના લાગતા વળગતા અધિકારીઓની ફોનની ઘંટડી રણકતી રહી હતી જે બાદ આ પદાર્થ ઈંટ હોવાનું પુરવાર થતા મામલો શાંત પડયો હતો.

આપના શહેરમાં ૧૦૦૦ સ્કે. ફીટનો એ.સી. શો-રૂમ જેમાં છે...

સિરામિક વોલ ટાઈલ્સ ● વીટ્રીફાઈડ ટાઈલ્સ ● સિરામિક ફ્લોર ટાઈલ્સ ● એક્વાઆર્ટ ● વોલ ક્લેડીંગ ● માર્બલ સ્ટોન અને ક્વાર્ટઝ્ તેમજ વિવિધ પેટર્ન્સ અને કોમ્બીનેશન્સની વિશાળ શ્રેણી

એક્સક્લુસિવ શો-રૂમ

asian TILES WORLD Radhe ENTERPRISE

પહેલે માળ, ૧૦૧, ૧૦૨, ૧૦૩, જય યોગેશ્વર કોમ્પલેક્સ, સિટી પલ્સ સિનેમા પાસે, કુડાસણ બસ સ્ટોપની સામે, ગાંધીનગર - કોબા હાઈવે, ગાંધીનગર. મોબાઈલ : ૯૪૨૬૫ ૧૩૬૦૧

ગાંધીનગર શહેરની મધ્યમાં અધતન ઓટોમેટીક મશીનોથી સજ્જ

સીયાટ એપોલો ગુડઈયર કંપનીના ટાયરની સંપૂર્ણ રેન્જનો અધિકૃત વિશાળ શો રૂમ

Nirmala Tyres

Authorised DEALER : CEAT, APOLLO TYRES

CEAT TYRES APOLLO TYRES

રવિવારે શો રૂમ બંધ રહેશે

ઉપલબ્ધ સેવાઓ :

- ઓટોમેટીક મશીન ઉપર ટાયર ફીટીંગ
- ટ્યુબલેસ ટાયરનું પંચર કરી આપવામાં આવશે.
- હાઈ ક્વોલિટી પંચર સર્વિસ
- મોટી ટ્રકો તથા ટ્રેક્ટરના ટાયરો હાજર સ્ટોકમાં તદ્દન વ્યાજબી ભાવે મળશે.

એપોલો એક્સીલીયર ટ્યુબલેસ ટાયરની સંપૂર્ણ રેન્જ મળશે.

૩૭૯/૨, સેક્ટર-૧૬, શાલીમાર સિનેમા પાસે, ગાંધીનગર. ફોન : ૨૩૨ ૩૯૩૫૧, મો. : ૯૮૨૪૦-૬૪૭૨૮

ગાંધીનગરવાસીઓવા અતૂટ વિશ્વાસ અને સહકારથી આપની સેવામાં સરકાર માન્ય

મોર્ડન મોટર્સ

પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., કામા મોટર્સની બાજુમાં, સેક્ટર-૨૮, ગાંધીનગર

ફોન : ૨૩૨૧૧૪૮૫ ● મો. : ૯૮૨૫૨૬૨૨૯૧

સુવિધાઓ

● વ્હીલ એલાઈનમેન્ટ ● બેલેન્સીંગ (કોમ્પ્યુટરાઈઝ્ડ) ● સરકાર માન્યતા પ્રાપ્ત ● અધતન વર્કશોપ, બોડીકામ, ● વાહનોનું રીપેરીંગ કામશ્ર મોટો ઈલેક્ટ્રીક કામ ● જેન્યુન પાર્ટસ ● સર્વિસીંગ ● ઓઈલ ચેઈન્જ

EXIDE બેટરીના ઓથોરાઈઝ્ડ ડીલર

કેસ્ટ્રોલ ઓઈલના ઓથોરાઈઝ્ડ ડીલર

પેટ્રોલ વાહનનું પી.યુ.સી. સ્ટેશન